ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-ક.૨
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧.૫.૨૦૦૫

સંદર્ભ :

(૧) વિભાગનો ઠરાવ ક્રમાંક: સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-ક.૨, તા.૧.૪.૨૦૦૫
(૨) વિભાગનો ઠરાવ ક્રમાંક: સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-ક.૨, તા.૨૧.૪.૨૦૦૫
(૩) વિભાગનો ઠરાવ ક્રમાંક: સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-ક.૨, તા.૨૬.૪.૨૦૦૫
(૪) વિભાગનો ઠરાવ ક્રમાંક: સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-ક.૨, તા.૧૨.૪.૨૦૦૫
(૫) વિભાગનો ઠરાવ ક્રમાંક: સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-ક.૨, તા.૧૮.૫.૨૦૦૫

**પૂર્વ ભૂમિકા :**

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત ચોથા તબક્કાનો પ્રારંભ તા.૧.૪.૨૦૦૫ થી કરવામાં આવેલ. પરંતુ તબક્કો-૩ કે જે જૂન, ૨૦૦૫ સુધી ચાલવાનો હતો તેમાં કેટલાક ચેકડેમોની આવેલી અરજીઓમાં સ્થળ ચકાસણી અને એગ્રીમેન્ટ સુધીની કાર્યવાહી પૂર્ણ થયેલી છે. પરંતુ તેઓએ ખરેખર કામો શરૂ કરેલા નથી. આથી આવા તબક્કા-૩ ના કામો જ્યાં તાંત્રિક રીતે અને લોક ભાગીદારીની રીતે ચેકડેમો થઇ શકે તેવા છે તથા તબક્કા-૩ ના ચેકડેમોને તબક્કા-૪ માં લઇ જવા માટેના સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી નીચે પ્રમાણે જોગવાઇ કરવામાં આવેલ હતી.

(અ) વહીવટી - મુદ્દા નં.(૪)

> "ત્રીજા તબક્કાના ચેકડેમ માટેની મંજૂર થયેલ અરજીઓ અને વર્કઓર્ડર આપેલ હોય પરંતુ કામો શરૂ કરવામાં ન આવ્યા હોય તેવા કિસ્સાઓમાં અરજી રદ કરી તે માટેના ડીપોઝીટના નાણાં પ્રયોજકને તાત્કાલિક પરત આપવાના રહેશે. આ પ્રયોજક આ જ સ્થળે ચેકડેમ બાંધવા ઇચ્છે તો તેને નવેસરથી અરજી લઇ ચોથા તબક્કામાં ચેકડેમ માટે મંજૂરી આપી શકાશે."

માન.મંત્રીશ્રી(જ.સં.) સાથેની તા.૧૯.૫.૨૦૦૫ ની તબક્કા-૪ ના ચેકડેમોની સમીક્ષા બેઠકમાં આ બાબતે વિચારણા કરવામાં આવેલ કે આવી અરજીઓને રદ કરી ડીપોઝીટ પરત કરી, ફરીથી અરજી મંગાવી, ફરીથી ડીપોઝીટ લેવાની વહીવટી પ્રક્રિયા બાબતે ક્ષેત્રિય અધિકારીઓએ જણાવેલ કે આ ખૂબ જ લાંબી પ્રક્રિયા થશે. તાલુકા અને જીલ્લા કક્ષાએથી દરેક ગામમાં આવી અરજીઓ ટપાલથી પરત કરવી અને આવી ડીપોઝીટની રકમને પરત કરવા ખેડૂત જૂથો સાથે પત્રવ્યવહાર કરવો તે વ્યવહારૂ નહિ હોવાથી ત્રીજા તબક્કાના આવા ચેકડેમોના વર્ક ઓર્ડર આપેલા હોય અને કામો શરૂ કરવામાં ન આવ્યા હોય તો તે ચોથા તબક્કામાં તબદીલ કરવા માટે વિનંતી કરેલ.

**ઠરાવ :**

ઉપરોકત પૂર્વભૂમિકાને ધ્યાને રાખતાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ચોથા તબકકાના સંદર્ભ-(૧) હેઠળના ઠરાવમાં પારા (અ) વહીવટી - મુદ્દા નં.(૪) માં નીચે પ્રમાણેનો સુધારો કરવામાં આવે છે.

**સુધારો :**

(અ) વહીવટી - મુદ્દા નં.(૪)

" ત્રીજા તબકકાના ચેકડેમો બાંધકામ માટેની મંજૂર થયેલ અરજીઓ અને વર્ક ઓર્ડર આપેલા હય પરંતુ કામો શરૂ કરવામાં આવ્યા ન હોય તેવા કિસ્સાઓમાં આવી બધી અરજીઓને ચોથા તબકકામાં ક્ષેત્રિય અધિકારીઓ લઇ જઇ શકશે. તે માટે નવેસરથી અરજી કરવાની રહેશે નહિ. "

ઉપર પ્રમાણેનો સુધારો સંદર્ભ (૧) હેઠળના ઠરાવમાં આથી કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે.કે.ત્રિવેદી
ઉપ સચિવ (જ.સં.)
નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય અધ્યક્ષશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી (જ.સં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ, રાજયકક્ષાના મંત્રીશ્રીઓ (સર્વે) ના અંગત સચિવશ્રી
- સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- ગુજરાત રાજયના સર્વે બોર્ડ-નિગમના અધ્યક્ષશ્રીઓ
- ગુજરાત રાજયના સર્વે જીલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ
- ગુજરાત રાજયના સર્વે તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ
- સર્વે માન.સંસદસભ્યશ્રીઓ
- સર્વે માન.ધારાસભ્યશ્રીઓ
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલય, ગાંધીનગરના સર્વે વિભાગો
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમીટેડ, ગાંધીનગર.
- શ્રી નીતિનભાઇ પટેલ, સ.પ.સ.જ.સં.યો. કાર્યાન્વયન સમિતિ
- શ્રી બાબુભાઇ બોખીરીયા, સ.પ.સ.જ.સં.યો. કાર્યાન્વયન સમિતિ
- રાજયના સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- રાજયના સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, રાજકોટ/ અમદાવાદ.
- નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- શ્રી ધીરેન પંડયા એસોસીએટસ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, અમદાવાદ.
- સીલેકટ ફાઇલ